પ્રિય પ્રભુ,

વ્યક્તિ ખૂબ જ ગમવા માંડે,
વધારે પડતી અંગત થવા માંડે પછી –
'તમે'નું સંબોધન ઓગળીને 'તું'માં પરિણમતું હોય છે.
તને પ્રાર્થનામાં શોધ્યો...
માળાના મણકામાં શોધ આદરી તારી...
બહારનાં દૃશ્યો સાથે કિટ્ટા કરી પરંતુ
કોઈ મોટો માણસ એપૉઇન્ટમેન્ટ આપીને
આત્મીયતા વગર મળતો હોય એવું લાગ્યું...

પછી તને દોસ્ત તરીકે સ્વીકાર્યો.
ફોન જોડ્યા વગર વાત કરી તારી સાથે...
તને શ્વાસમાં ભરીને
ખુલ્લા રસ્તા પર ચાલવા નીકળી પડ્યો...
હવે બધામાં મને તારો અવાજ સંભળાય છે.
પવનની દરેક અદામાં તારો મિજાજ પરખાય છે.
કુદરતની બધી જ કળાઓ
તારી મૌનવાણીનો મુખર પ્રદેશ લાગે છે...

દષ્ટિ તારી સૃષ્ટિને જુદા ઍંગલથી જોવા લાગી છે.
તારી પ્રગટેલી પૃથ્વી પર દુઃખ છે જ નહીં,
દુઃખ એ તો એક માણસે
બીજા માણસને આપેલી ભેટ છે.
તું તો અમને જીવન આપવામાં માને છે.
અને જીવન એ તો આનંદથી વિતાવવાનું વેકેશન છે...

મારી પાસે મીરાંબાઈનું ગીત નથી,
એકતારાનું સંગીત નથી.
મારું બધું જ ભૂલીને તારી પાસે આવી શકું
એ શક્ય પણ નથી કારણ કે
તેં જ મને વ્યસ્ત રાખ્યો છે.

મારી પાસે સવારે ઊઠવાનો અવકાશ છે પણ,
નરસિંહ મહેતાનું પ્રભાતિયું નથી. કરતાલનો કલરવ નથી.
જીવનની નજીક જતાં ઉત્પન્ન થયેલો કકળાટ છે.
મારા માથા પર કશું જ નથી છતાંય
મોરપિચ્છની હળવાશ નથી.
મારી પાસે તને આપવા જેટલું સ્મિત છે...
બચાવીને રાખેલો ઉમળકો છે...
તું મળીશ ત્યારે
તને પોંખવા માટે સંઘરી રાખેલું વ્હાલ છે...
કો'ક ખૂણે ફંફોસીશ તો પ્રતીક્ષા પણ મળી આવશે...

હું 'આજનો' માણસ છું.
તારું સાહસ છું.
બોલ, મારી સાથે દોસ્તી ફાવશે ને?

*લિ. તારામાં ઓગળવા મથતો...*

Dear Creator,

When we start liking someone and begin to
feel a sense of attachment,
the formal “You” becomes an intimate “you”.
I looked for you in prayers...
I tried to find you in the beads of a rosary...
I turned my back on the world outside..
But it felt like an impersonal appointment
with an eminent person.

Then, I embraced you as a friend.
I conversed with you
without dialing your number.
I filled you in my breath,
and leapt into the open streets.
I can now listen to your voice
in everything that I hear.
I can sense your moods
in the blowing wind.
All of nature’s crafts resonate with your
unspoken and yet outspoken messages.

My sight captures your creations
from a different perspective and
it sees no sorrow in this world you’ve created,

For sorrow is nothing but an unwanted 'gift'
bequeathed by one man to another.
You have always believed in endowing life.
And what is life,
if not a vacation to be spent in revelry

Neither do I have Mirabai’s hymns,
nor do I have her one-stringed lute.
I can’t abandon all that I possess and
dedicate my life in your pursuit;
because you keep me busy.
I have a room to wake up in,
when it’s the morning,
But neither do I have
Narsih Mehta’s morning song,
nor do I have the gentle rhythm
of his castanet.
All I have is the chaos
that arises upon delving into life;

My head bears no burden. And yet,
the lightness of the Morpicch evades me.
But I have my smile to offer
and a heap of affection, tucked away for you.
When we meet each other,
I shall greet you with the love that
I have treasured for you.
If I rummage some corners,
I can muster enough patience.
I belong to the present. I am your endeavor.
Tell, can you settle into this friendship?

***– Struggling to forge into you***

પ્રિય પ્રભુ,

આજે મારે તારે ચરણે મારી મીઠી વિમાસણ મૂકવી છે.
તું ઈશ્વર હોય કે મિત્ર હોય કે તારણહાર હોય,
કે કોઈ પણ હોય... કે કશું જ ન હોય,
પણ મન કહ્યા કરે છે કે
અમે છીએ ત્યાં સુધી તું ક્યાંક તો છે જ.

સમજ નથી પડતી એટલી જ કે
તું આંખ ખોલીએ તો દેખાય
કે બંધ કરીએ તો દેખાય?
કાન તો મીંચી શકાતા નથી!
અને તારો સાદ સંભળાતો નથી...
છતાં લાગે છે...
અમારી પ્રાર્થના –
અમે આંખ મીંચીએ છીએ
અને ઉચ્ચાર શરૂ કરીએ છીએ
એ પહેલા જ પહોંચી ગઈ હોય છે તારા સુધી...

પ્રાર્થના ફરિયાદની અવેજીમાં કરવાની નથી હોતી.
જે રીતે તું ચૂપ રહીને વર્તાય છે
એ રીતે પ્રાર્થનાએ પોતાની હાજરી પુરાવીને
ચૂપ થઈ જવાનું હોય છે.

પ્રાર્થના કરતી વખતે ક્ષણોનું એકાંત
આનંદની અલકનંદા પર વહેતું હોય છે...
પછી જગતની ચિંતા શુષ્ક બની જાય છે...
પછી શ્વાસ લેવાનો ભાર નથી લાગતો...
પછી કરવાના કામો બેસૂરા નથી લાગતા...
પછી પ્રાર્થના 'રૂટિન'થી બચી જાય છે...
પછી પ્રાર્થના મૌન બની જાય છે...
પછી મૌનમાં રચાતી જાય છે પ્રાર્થના...

*લિ.*
*તું જેને ક્યારેય*
*પત્ર નથી લખવાનો નથી એવો...*

Dear Creator,

Today I would like to place
a sweet conundrum at your feet.
Maybe you are a god...
maybe a friend... or a savior...
Maybe you are someone...
or maybe you are no one.
But the mind is emphatic,
that as long as we exist,
you are around somewhere.

All I don’t understand is this,
are you visible when the eyes are open
Or when the eyes are closed?
Of course, one can’t squint their ears.
And though I’ve never heard your
baritone,
I somehow feel sure, that our prayer
- when we close our eyes
and begin chanting-
It reaches you even before we begin.

Prayers are not mediums for complaints.
Just as we experience
your presence amidst your silence,
our prayers should convey their presence
silently.
Moments of solitude during prayer
Flow through the Alakananda of Joy.

And when you enter that moment –
–Then the deep wells of doubt dry up.
–Then breathing is no more an effort.
–Then mundane chores
don’t wear you with monotony.
–Then the prayer is not a part
of a 'routine' anymore
–Then the prayer converges in to silence
–Then in that silence,
the prayer begins to compose its self

***- One to whom you,***
***probably, won’t reply***

પ્રિય પ્રભુ,

સેન્ટ પૅટ્રિકનું એક વાક્ય છે :

‘પરમાત્મા, મારા પર એવી કૃપા કરો,
કે આજના દિવસે જે કોઈ
મારા સંપર્કમાં આવે તે એને કારણે
જરાક વધારે સુખી બનીને જાય.’

આ વિધાન તમને પણ લાગુ પડી શકે છે.
બોલો, મળવા આવો છો ને?

*લિ.*
*રાહ જોવામાં વ્યસ્ત...*

Dear Creator,

St. Patrick has said in a quote :

> "Lord, lend me your grace,
> so any man who approaches me today,
> leaves happier than when he came."

The grace in this statement extends even to you.
So what do you say,
Shall we meet?

***- Busy looking for the path***

પ્રિય પ્રભુ,

તું કેટલું બધું માણવાનું ચૂકી ગયો છે.

વરસતા વરસાદમાં ચ્હાની ચૂસકીઓની મજા...
જન્મદિવસે મિત્રોની સાથે મળીને
કેક કાપવામાં આવતો આનંદ...
રવિવારનું લૉંગડ્રાઇવ...
વિમાનની બારી પાસે બેસીને
આકાશના કાનમાં ફૂંક મારવાનો વૈભવ...
દરિયાકિનારાનાં છબછબિયાં...
અને રેતીમાં રમવાનું ઘર ઘર...
ગમતી વ્યક્તિને ગુલાબ આપતી વખતની
મુંઝવણ...

તને ચઢાવેલો પ્રસાદ તારા ભાગમાં ક્યાં આવે છે?
પણ, અમે કશું માણવાનું ચૂકી ન જઈએ
એનો ખ્યાલ તું ચોક્કસ રાખતો હોય છે...
દુ:ખના સેલથી જ સુખનું અજવાળું ટૉર્ચ બનતું હોય છે.

વરસાદ થઈને તું વરસતો ન હોત,
તો ચૂસકીઓની મજા જ ન પડી હોત...!
કેક કાપવાની મઝા
તું ઉંમર વધારે છે માટે આવે છે...
દરિયો હોત જ નહીં તો છબછબિયાંનું શું થાત?
ઘર ઘર રમવાના દિવસો
દરિયાની રેતીમાં આજે પણ ફંફોસું છું...

રસ્તાઓ તારા સુધી આવીને જ અટકે છે...
આકાશ તારો અવકાશ છે...
ગુલાબ તારી દેણગી છે...
પ્રેમ તારી બંદગી છે...
અમે આટલું બધું માણીએ છીએ
એમાં તારો જ હાથ છે...
તારો જ સંગાથ છે...
તારો ખૂબ ખૂબ આભાર...

*લિ.*
*તારા વ્હાલનો વારસદાર...*

Dear Creator,

Do you realize how much joy you miss out on?

–The joy of sipping on
piping hot tea during the rain,
–The joy of cutting a cake
on your birthday amongst loved ones,
–The joy of a long and lazy drive
on a Sunday,
–The joy of gloriously 'blowing into the ears
of the sky' from the window seat of a plane,
–The joy of splashing about
in the sea by the shore and
–The excitement of building
sand castles in the beach,
–The anxiety of offering
a rose to your beloved.

You don’t even get to enjoy
the offerings we make to you.
Yet, you ensure that
we don’t miss out on any pleasures.
After all, the he torch of joy is fueled by sorrow.

–If you didn't pour down as rain,
sipping hot tea would not be as enjoyable
–Cutting a cake is enjoyable
because you raise our age.
–Where would I splash about,
if there was no sea?
–I still search the beaches, looking for
my lost days of building sand castles.

All roads lead and end with you.
The sky is your abode.
Rose is your gift.
Love is your worship.
We enjoy these things because we have
your grace and your presence.
Many many thanks.

***- The benefactor of your affection***